સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
Re-Accredited Grade A by NAAC

નં.એસ.સી.-એસ.ટી.સેલ/૬૦/'૧૮ તા.૧૦/૧૦/'૧૮

વિષય : વર્ષ ૨૦૧૮-૧૯ ની વિકસતી જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ/ ફૂડબીલ/સાધન સહાય/એમ.ફિલ.-પી.એચ.ડી./સરકારી I.T.I.યોજનાઓનો અમલ Digital Gujarat Portal મારફત કરવા બાબત

સંદર્ભ : જીલ્લા નાયબ નિયામક, વિકસતી જાતિની કચેરી, બહુમાળી ભવન, રાજકોટના પત્ર ક્રમાંક:નં.જિ.ના.નિ./વિ.જા./૧૮-૧૯ તા.૨૬/૦૯/૨૦૧૮

પરિપત્ર :

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સંચાલિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભિત પત્ર પરત્વે જણાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વર્ષ ૨૦૧૮-૧૯ ના વિકસતી જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ/ફૂડબીલ/સાધન સહાય/એમ.ફિલ.-પી.એચ.ડી./સરકારી I.T.I.યોજનાઓનો અમલ Digital Gujarat Portal મારફત કરવા વિકસતી જાતિના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સવલતો D.B.T. (ડાયરેક્ટર બેનીફીટ ટ્રાન્સફર સીસ્ટમ) થી મંજુર કરવા માટે વિદ્યાર્થીઓએ વેબસાઈટ https://www.digitalgujarat.gov.in પર Citizen તરીકે નવું રજીસ્ટ્રેશન કરી ઓનલાઈન અરજી કરવાની રહેશે. તો વિદ્યાર્થીઓના લાભાર્થે સદર પરિપત્ર અંગે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

નાયબ કુલસચિવ
(એસ.સી.એસ.ટી.સેલ)

બિડાણ :
સંદર્ભિત પત્ર

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ
(૨) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોનાં અધ્યક્ષશ્રીઓ
(૩) માન્ય સંસ્થાઓનાં વડાઓ તરફ

નકલ સાદર રવાના :
માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના યોગ્ય કાર્યવાહી અર્થે જાણ સારુ :
(૧) જોડાણ વિભાગ (૨) પી.જી. વિભાગ
(૩) આંકડા વિભાગ (૪) યુ.જી.સી. વિભાગ
(૫) કોમ્પ્યુટર સેન્ટર

ડિજિટલ ગુજરાત પોર્ટલ -

... ૨૦૪ ...
... ૨૯/૯/૧૮ ...
Sau. Uni. Rajkot

નં.જિ.ના.નિ./વિ.જા./૧૮-૧૯/
જિલ્લા નાયબ નિયામક,
વિકસતિ જાતિની કચેરી,
બહુમાળી ભવન, રાજકોટ
તા. ૨૬/૦૯/૨૦૧૮

**:: પરીપત્ર::**

વિષય :- **વર્ષ ૨૦૧૮-૧૯ની વિકસતી જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ / ફુડ બિલ / સાધન સહાય / એમ.ફીલ-પી.એચ.ડી/ સરકારી I.T.I.યોજનાઓનો અમલ Digital Gujarat Portal મારફત કરવા બાબત(https://www.digitalgujarat.gov.in)**

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગત વર્ષની જેમ ચાલુ શૈક્ષણિક વર્ષ:૨૦૧૮-૧૯ના શૈક્ષણિક સત્ર દરમ્યાન આપની ઉચ્ચતર માધ્યમિક શાળા/કોલેજ/યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક સવલતો મંજૂર કરીચુકવણું D.B.T. (ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર સિસ્ટમ) થી કરવાનુ થાય છે.

ચાલુ શૈક્ષણિક વર્ષ:૨૦૧૮-૧૯દરમ્યાન ઉચ્ચતર માધ્યમિક શાળા/કોલેજ/યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિકસતી જાતિનાં એટલે કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતી-વિમુક્ત જાતિ, આર્થિક રીતે પછાત વર્ગ અને લઘુમતી જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને સાથેના પત્રક-અ મુજબની યોજનાઓનો લાભ Digital Gujarat Portal મારફતDBT દ્વારાઆપવાનો થાય છે. જે બાબતે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગરના દ્વારાદૈનિક પત્રોમાં જાહેરાત આપી વિદ્યાર્થીઓએ તથા સંસ્થાએ કરવાની થતી કાર્યવાહીની જાણ કરવામાં આવેલ છે. જાહેરાતમાં આપેલ તેમજ વખતો વખતની તમામ સૂચનાઓનુ ચુસ્ત પણે પાલન કરી તમામ વિદ્યાર્થીઓને ઓનલાઇન અરજી કરાવવા વિનંતી છે. (જાહેરાતની નકલ સામેલ છે.)

ઉક્ત જાહેરાતથી જે સૂચનાઓ આપવામાં આવેલ હતી તે ફરી આપની જાણ સારૂ આપવામાં આવે છે.

**A. વિદ્યાર્થીઓએ એ કરવાની/સમજવાની કાર્યવાહી:-**

૧. પ્રથમ વિદ્યાર્થીઓએ **Digital Gujarat Portal**વેબસાઇટ પર **Citizen**તરીકેનવું રજીસ્ટ્રેશનકરવાનુ રહેશે. નવુ રજીસ્ટ્રેશન આધાર નંબર,**E-mail ID,** મોબાઇલ નંબર તેમજ પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા કરાવવાનું રહેશે. જે કાયમી આ પોર્ટલ માટે સાચવી રાખવાનો રહેશે.રજીસ્ટ્રેશનવખતે **E-mail ID** અને મોબાઇલનંબરફરજીયાત હોવાથી વિદ્યાર્થીઓનું **E-mail ID** અને મોબાઇલ નંબર હોવો ફરજીયાત છે. **(સદરહું મોબાઇલ નંબર જ્યા સુધી શિષ્યવૃતિ/સહાય મળી ન જાય ત્યા સુધી ચાલુ હાલતમાં રાખવાનો રહેશે) રજીસ્ટ્રેશન થયા બાદ વિદ્યાર્થીએ પુનઃ Login કરી પોતાની પ્રોફાઇલ (My Profile)Update કરવાની રહેશે.**

૨. જે વિદ્યાર્થીએ અગાઉ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રોફાઇલ રજીસ્ટ્રેશન કરાવેલ હોય (જેમ કે વર્ષ ૨૦૧૭-૧૮માં શિષ્યવૃતિ યોજના માટે ઓનલાઇન એપ્લાય કરેલ હોય, સમરસ છાત્રાલયમાં પ્રવેશ માટે **Online** અરજી કરેલ હોય, ટેબલેટ માટે અરજી કરેલ હોય કે પોર્ટલની અન્ય શિષ્યવૃતિ યોજનાઓમાં લાભ લેવા અરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહી. તેઓ અગાઉના **Login ID-Password**વડે જે તે લાગુ પડતી યોજનામાં સીધી અરજી કરી શકશે.

૩. જે વિદ્યાર્થીઓ ગત વર્ષનો પોતાનો **ID-Password**ભુલી ગયેલ હોય તે વિદ્યાર્થીઓએ **"Forget Password"** પર ક્લીક કરી પોતાના રજીસ્ટર્ડ મોબાઇલ પર **OTP** મેળવી નવો પાસવર્ડ બનાવી લેવાનો રહેશે. નવો પાસવર્ડ મળ્યા બાદ પોતાનો મોબાઇલ નંબર **UserID**રહેશે તેમ જ પાસવર્ડ જે નવો બનાવેલ છે તે રહેશે. **"Forget Password"** મેનુ ડિજિટલ ગુજરાત પોર્ટલપર લોગીન પેજ પર ઉપલબ્ધ છે.

૪. ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન થયા બાદ તમામ વિદ્યાર્થીઓએ **"Scholarship" Option**પર ક્લીક કરીને જ ઓનલાઇન એપ્લાય કરવાની કામગીરી કરવાની રહેશે. અન્ય કોઇ જગ્યાએથી વિદ્યાર્થી શિષ્યવૃતિ યોજનામાં એપ્લાય થઇ શકશે નહિ જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.

૫. **"Scholarship" Option**પર ક્લિક કર્યા બાદ **"Select Financial Year"**મેનુમાં વર્ષ ૨૦૧૭-૧૮ સીલેક્ટ કર્યેથી જો વર્ષ ૨૦૧૭-૧૮માં કોઇ શિષ્યવૃતિની અરજી ઓનલાઇન કરેલ હશે તો તે અરજી જોઇ શકાશે અને ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ માટે ઓનલાઇન અરજી કરવા માટે **"Select Financial Year" મેનુમાં વર્ષ ૨૦૧૮-૧૯ સીલેક્ટ કરવાનુ રહેશે**

**૬.વિચરતી-વિમુકત જાતિના જે વિદ્યાર્થીઓ સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં અભ્યાસ કરતાં હોય તેમણે બી.સી.કે. ૩૨૫ સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં અભ્યાસ કરતાં વિચરતી-વિમુકત જાતિના વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃતી તે યોજના હેઠળ ઓનલાઇન અરજી કરવાની રહેશે.**

- **રીન્યુઅલ વિદ્યાર્થીઓ માટે:**

૭. જે વિદ્યાર્થીઓએ ગત વર્ષ ૨૦૧૭-૧૮માં ઓનલાઇન અરજી કરેલ હતી અને નિયમોનુસાર શિષ્યવૃતિ મેળવેલ હતી તેવા વિદ્યાર્થીઓની ચાલુ વર્ષની રીન્યુઅલ અરજી ઓટોમેટીક **"Renewal"**મોડમાં મુકવામાં આવેલ છે એટલે કે તેવા વિદ્યાર્થીઓએ ફ્રેશ એપ્લાય કરવાનુ નથી **"Renewal"** બટન પર ક્લિક કરી પોતાની તમામ વિગતો ચકાસી લેવાની રહેશે અને રીન્યુઅલ માટે જરૂરી એવી ગત વર્ષની માર્કશીટ, ફી ભર્યાની પહોંચ વિગેરે અપડેટ કરી અરજી સેન્ડ કરવાની રહેશે. જો આવકના દાખલાને ત્રણ વર્ષ પૂર્ણ થયેલ હોય કે આવકમાં કોઇ ફેરફાર થયેલ હોય તો તે પણ ફરી અપલોડ કરવાના રહેશે.

૮. જે વિદ્યાર્થીઓને ગત વર્ષે શિષ્યવૃતિ મળેલ હતી અને તેનુ ફોર્મ ચાલુ વર્ષે ઓટોમેટીક**"Renewal"** મોડમાં ન જોવા મળે તો તેવા વિદ્યાર્થીઓએ **"Request a New Service"**મેનુમાં જઈને લાગુ પડતી યોજનામાં ફ્રેશ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.

- **ફ્રેશ વિદ્યાર્થીઓ માટે:** -

૯. જે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, વિચરતી અને વિમુકત જાતિ,આર્થિક રીતે પછાતવર્ગના અને લઘુમતી જાતિના વિદ્યાર્થીઓએ ફ્રેશ અરજી કરવાની છે તેણે ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન કરી **"Scholarship" Option માં જઈ Select Financial Year" મેનુમાં વર્ષ ૨૦૧૮-૧૯ સીલેક્ટકરી "(Director Developing Caste Welfare)" હેડિંગના નીચે દર્શાવેલ યોજના પૈકી જે યોજનામાં પાત્રતા ધરાવતા હોય તેના પર ક્લીક કરી એપ્લાય કરવાનુ રહેશે. યોજના પંસદ કર્યા બાદ વિદ્યાર્થીએ માગ્યા મુજબની તમામ વિગતો જેવી કે Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail વિગેરે ચીવટ પૂર્વક ભરવાની રહેશે અને Attachmentમાં લાગુ પડતા તમામ ડોક્યુમેન્ટ Upload કરવાના રહેશે.** તમામ વિગતો અને ડોક્યુમેન્ટ Upload અપલોડ થઇ ગયા બાદ વિદ્યાર્થીએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે અને પુરેપુરી અરજીપત્રક ભરાઇ ગયા બાદ ફાઇનલ કરી Submit કરવાનુ રહેશે જેથી અરજી વિદ્યાર્થીના સબંધિત શાળા/કોલેજના લોગીનમાં ઓનલાઇન જતી રહેશે. ઓનલાઇન અરજી થઇ ગયા બાદ વિદ્યાર્થીએ તેની પ્રિન્ટ કાઢી જરૂરી સાધનિક પુરાવા અરજી સાથે બિડાણ કરી શાળા/કોલેજને જમા કરાવવાના રહેશે.

**નોંધ: જાતિ અને આવક અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય તે જ અપલોડ કરવાનુ રહેશે.**

૧૦. તમામ વિદ્યાર્થીઓએ આધારકાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ(સીડીંગ) કરવું જરૂરી છે. આથીતમામ વિદ્યાર્થીઓ તેમના આધાર કાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) જો બાકી હોય તો તાત્કાલિક પોતાની બેન્કને વિગતો પુરી પાડી લીકીંગ (સીડીંગ) કરાવી દે તેવી વિનંતી કરવામાં આવે છે.

૧૧. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સબંધિત સત્તાધિકારીશ્રીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનુ રહેશે. જે એપ્લાય કરતી વખતે "Instruction"પેજ પરથી ડાઉનલોડ કરી શકાશે.

૧૨. પોર્ટલ પર અરજી કરવા માટેની આખરી તા.૩૦/૧૧/૨૦૧૮નિયત થયેલ છે.તે બાબત ધ્યાને લઇ તા.૩૦/૧૧/૨૦૧૮સુધીમાં તમામ વિદ્યાર્થીઓએ બિનચૂક ઉપરોક્ત પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરી લાગુ પડતી યોજનામાં Online અરજી કરવાની રહેશે.

૧૩. ગુજરાતના મૂળવતની હોય તેવા વિકસતી જાતિના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતી-વિમુક્ત જાતિ, આર્થિક રીતે પછાત વર્ગ અને લઘુમતી જાતિના વિદ્યાર્થીઓગુજરાત રાજય બહાર(Out Stateમાં) માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તો તેઓએ પણ Online જ અરજી કરવાની રહેશે અને કરેલ અરજીફોર્મ સાથે અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટની નકલ તથા સંસ્થાની માન્યતા, તેના અભ્યાસક્રમની માન્યતાઅને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ સંસ્થાના ફોરવર્ડીંગ સાથે મૂળ વતનના જિલ્લાની કચેરીએ જમા કરાવવાની રહેશે.

૧૪. વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરેલ હશે અને તેને ફાઇનલ સબમીટ કરવામાં નહિ આવેલ હોય કે એપ્લીકેશનની પ્રિન્ટ પોતાની સંસ્થામાં તમામ ડોક્યુમેન્ટ સહીત જમા કરાવેલ નહી હોય તો તેવા વિદ્યાર્થીની અરજી ધ્યાને લેવામાં નહિ આવે જે ધ્યાને લેવાનુ રહેશે.

૧૫. વિદ્યાર્થીએ સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે. જે વિદ્યાર્થીઓ રીન્યુઅલ છે તે વિદ્યાર્થીઓની શરૂઆતની તારીખ અગાનુ સત્ર પુરૂ થયુ હતુ ત્યારના તુર્ત જ બાદના મહિનાની નાખવાની રહેશે. અને ફ્રેશ વિદ્યાર્થીઓના કિસ્સામાં વિદ્યાર્થીએ જ્યારથી એડમિશન લીધેલ હોય તે જ તારીખ નાખવાની રહેશે.

૧૬. વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર પ્રમાણિત માર્કશીટ અપલોડ કરવાની રહેશે તથા સંસ્થાને જમા કરવાના રહેશે.

૧૭. ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઈ સરકારી / અર્ધસરકારી નોકરી કરેલ નથી કે કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ રૂ.૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંધનામુ કરી અપલોડ કરવાનુ રહેશે અને અરજી સાથે સંસ્થાને રજુ કરવાનુ રહેશે

૧૮. વિદ્યાર્થી અરજી ઓનલાઇન ફાઇનલ સબમીટ કરશે ત્યારબાદ કોઇ સુધારા વધારા કરી શકશે નહિ.વિદ્યાર્થીઓએ જો કોઇ સુધારો/વધારો કરવાની જરૂરીયાત ઉભી થાય તો પોતાની સંસ્થાને અરજી પરત કરવાનુ કહેવાનુ રહેશે.

૧૯. વિદ્યાર્થીએ ડીઝીટલ ગુજરાત પોર્ટલના પ્રશ્ને જરૂર જણાયે હેલ્પ ડેસ્ક નં 18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

B. <u>ઉચ્ચત્તર માધ્યમિક શાળા (ધો: ૧૧-૧૨) /તમામ પ્રકારની કોલેજો/યુનિવર્સિટીઓ / સંસ્થાઓ/આઇ.ટી.આઇ.એ કરવાની કાર્યવાહી:-</u>

(૧) ગત વર્ષે શાળા/કોલેજ/સંસ્થા/સરકારી ITI એ જે ID-Passwordની મદદથી શિષ્યવૃતિ/સહાય/ટેબલેટ યોજનાની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરેલ હતી તે જ ID-Passwordની મદદથી ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯માં કામગીરી કરવાની રહેશે. જો કોઇ શાળા/કોલેજ/સંસ્થા ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રથમ વખત કામગીરી કરતા હોય તો નીચે મુજબની કામગીરી કરવાની રહેશે. શાળા/કોલેજ/સંસ્થાએ ઓનલાઇન અરજી કરાવવામાં અને યોજનાની પસંદગી કરવામાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનું રહેશે.

કોલેજ કક્ષાની દરેક સસ્થાઓ માટે તેઓનો By Default Login ID સંસ્થાનો AISHE કોડ રહેશે જ્યારે By Default Password "Abcd@123" રહેશે. જે સંસ્થાઓ પાસે AISHE કોડ ન હોય તેમણે શિક્ષણ વિભાગની સંબધિત કચેરી પાસેથી મેળવવાનો રહેશે. ધોરણ:૧૧-૧૨માં દરેક ઉચ્ચત્તર માધ્યમિક શાળાનો DISE કોડ તેનો Login ID રહેશે જ્યારે By Default Password"Abcd@123" રહેશે. પ્રથમ વખત લોગીન થયા બાદ સંસ્થાએ

Defaultપાસવર્ડChangeકરવાનો રહેશે તેમજ પ્રથમ વખત લોગીન થયેથી તમામ કોલેજ/યુનિવર્સિટીએ પોતાની પ્રોફાઇલ અપડેટ કરવાની રહેશે અને કોલેજ / યુનિવર્સિટીમાંજે કોર્ષ ચાલતા હોય તેની વિગતો અપડેટ કરવાની રહેશે. કોલેજ/યુનિવર્સીટી દ્વારા કોર્ષની વિગતો અપડેટ કરવામાં આવાશે ત્યાર બાદ જ વિદ્યાર્થીઓને Onlineઅરજી કરતી વખતે Websiteપર કોર્ષની વિગતો જોવા મળશે અને અરજીપત્રકો Online ભરી શકાશે જેની નોંધ લેવી.

(૨) કોલેજકક્ષાની તમામ સંસ્થાઓએ લોગીન કર્યા બાદ પોતાની ઓનલાઇન પ્રોફાઇલમાં બેંકની વિગતો જેવી કે બેંક્નો IFS Code, બેંક એકાઉન્ટ નંબર, બ્રાન્ચનું નામ, બેંક હોલ્ડરનુ નામ વિગેરે ચોકસાઇથી નાખવાના રહેશે. કેમ કે "ફ્રીશીપકાર્ડ" ધરાવતા વિદ્યાર્થીઓની શિક્ષણફી સીધા જ કોલેજના સદરહું ખાતામાં જમા થશે. જો કોઇ કોલેજ પોતાની બેંકની વિગતો ખોટી નાખશે અને રકમ અન્ય ખાતામાં જમા થઇ જશે તો તેવી કોઇપણ રકમ સરકારશ્રીમાંથી સંસ્થાને ફરી મળવાપાત્ર રહેશે નહિ.

(૩) તમામ કામગીરીને સફળ બનાવવા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ / કોલેજો /યુનિવર્સિટીઓ / સરકારી આઇ.ટી.આઇઓએ જે તે કેટેગરી-જાતિના વિદ્યાર્થીઓસરકારશ્રીની યોજનામાં મહત્તમ લાભ લઇ શકે તે માટે સંસ્થાના નોટીસ બોર્ડ પર અત્રેના ખાતાની તમામ યોજનાની વિગતો મુકી આ બાબતની પ્રસિધ્ધિ કરવાની રહેશે અને યોજનાની વિગતો વિદ્યાર્થીઓના ધ્યાન પર લાવવાની રહેશે. (આ સાથેનુ પત્રક-અ નોટીસ બોર્ડ પર ફરજીયાત મુકવાનુ રહેશે)

વધુમાં ઉચ્ચત્તર માધ્યમિક શાળા / કોલેજો / યુનિવર્સિટી / સરકારી આઇ.ટી.આઇ.માં ઇન્ટરનેટની સુવિધા કરાવી ITના જાણકાર કર્મચારીની મદદથી વિદ્યાર્થીઓને Online અરજી કરાવવાની કામગીરી સંસ્થા લેવલે કરાવી તા:૩૦/૧૧/૨૦૧૮સુધીમાં તમામ કામગીરી પૂર્ણ કરાવવાની રહેશે. Onlineઅરજી પ્રકિયા પૂર્ણ થયે તેની પ્રિન્ટ તથા સાધનિક કાગળો સાથેની અરજી જે તે શાળા/કોલેજ/ યુનિવર્સિટીના શિષ્યવૃતિની કામગીરી સંભાળતી શાખાએ એકત્રિત કરી રાખવાની રહેશે. તેના આધારે Onlineવેરીફીકેશનની કામગીરી સમય મર્યાદામાં કરવાની રહેશે.

(૩) વિદ્યાર્થીઓની અરજી કરવાની કામગીરી બાદ તમામ ઉચ્ચતર માધ્યમિક શાળા / કોલેજો / યુનિવર્સિટીઓ / સરકારી આઇ.ટી.આઇ.એ પોતાના User ID/Passwordના આધારે ઉક્ત તમામ વિદ્યાર્થીઓના Online Applicationની Verificationની કામગીરી કરી Higher Authority એટલે કે સંબધિત જિલ્લા કચેરીને Online Forward કરવાની રહેશે. અને વિદ્યાર્થી દ્વારા મળેલ તમામ અરજીઓ (હાર્ડકોપી)પર સહી સિક્કા કરી સાધનિક કાગળો સહિતની દરખાસ્ત ફોરવર્ડીંગ સાથે રજુ કરવાની રહેશે.

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ,-રાજકોટ

પ્રતિ,

(૧) રજીસ્ટ્રારશ્રી,સૌરાષ્ટ્ર યુનીવર્સિટી,રાજકોટ- આપની તાબાની તમામ કોલેજોને પત્ર/ઇમેઇલ થી જાણ કરવા વિનંતી
(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ- આપની તાબાની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના અંગે
(૩) આર.કે.યુનિવર્સિટી. ત્રંબા, રાજકોટ
(૪) મારવાડી યુનિવર્સિટી, મોરબી રોડ, રાજકોટ
(૫) આત્મીય યુનિવર્સીટી, કાલાવાડ રોડ રાજકોટ.

નકલ સવિનય રવાના:-
નિયામક, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ડો.જિવરાજ મહેતા ભવન, ગાંધીનગર......જાણ સારૂ.

<u>અન્ય સૂચનાઓ:-</u>

(૧) ઉચ્ચત્તર માધ્યમિક શાળા (ધો: ૧૧/૧૨) /તમામ પ્રકારની કોલેજો/યુનિવર્સિટીઓ / સરકારી આઇ.ટી.આઇ.ઓએ જે અરજીઓ ઓનલાઇન મંજુર કરે તેની નકલ તથા સાધનિક પુરાવા સહિતની દરખાસ્ત અત્રેની કચેરીએ ચકાસણી અર્થે રજુ કરવાના રહેશે. યોજનાવાર દરખાસ્તોની ફાઇલો અલગ અલગ રજુ કરવા વિનંતી છે જેવી કે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિની ફાઇલ અલગ, ભોજનબીલની ફાઇલ અલગવિગેરે.

(૨) શિષ્યવૃતિ દરખાસ્તની ફાઇલ ચકાસણી અર્થે રજુ કરવામાં આવે ત્યારે તેની ઉપર શાળા/કોલેજના ફોન નંબર તથા શિષ્યવૃતિ યોજનાનુ કામ સંભાળતા કર્મચારીશ્રીનો કોન્ટેક્ટ નંબર દર્શાવવાનો રહેશે.

(૩) જરૂર જણાય સંસ્થાએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતી-વિમુક્ત જાતિ, આર્થિક રીતે પછાત વર્ગઅને લઘુમતી જાતિના તમામ વિદ્યાર્થીઓને શાળા/કોલેજમાં એકસાથે બેઠક યોજી ફોર્મ કેવી રીતે ભરવા તે સંબધિત તમામ માર્ગદર્શન આપવુ.

(૪) શાળા/કોલેજને સરકારશ્રી દ્વારામળેલ માન્યતાપત્ર (એફીલીએશન) ની નકલ, કેટલા વિદ્યાર્થી માટેની માન્યતા મળેલ છે સરકારશ્રીના નિયમો મુજબ સરકારી કોલેજની ફી જેટલી શિક્ષણ ફી, પરીક્ષા ફી અને નિભાવ ભથ્થુ જ મળવાપાત્ર થશે.

(૫) ગુજરાત રાજ્યના મુળ વતની હોય તેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતી-વિમુક્ત જાતિ, આર્થિક રીતે પછાત વર્ગઅને લઘુમતી જાતિનાવિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની દરખાસ્તોનું એકંદર પત્રક અને ફોરવર્ડીંગ રજુ કરવાના રહેશે.બી.સી.કે.૩૨૫ સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં અભ્યાસ કરતાં વિચરતી-વિમુકત જાતિના વિદ્યાર્થીઓને આ યોજનાનું પૂરૂ

માર્ગદર્શન મળી રહે અને આ જાતિના વિદ્યાર્થીઓ આ જ યોજનામાં અરજી કરે તે માટે આપની સંસ્થામાં વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને કોલેજ તરફથી યોજનાની સમજ આપવા વિનંતી છે. આ યોજના હેઠળ રૂ.૫૦,૦૦૦ -/સુધીનું અથવા ખરેખર કોલેજની શૈક્ષણિક ફી બે પૈકી ઓછી રકમ મંજૂર કરવા પાત્ર હોય આવી સેલ્ફ ફાઈનાન્સ સંસ્થાઓએ આ યોજનાઓ માટે વિદ્યાર્થીની ઓનલાઇન અરજીની હાર્ડ કોપી તેને લગતા સાધનિક કાગળો અને એકંદર પત્રક સહિતની ફાઈલ જિલ્લા કક્ષાએ રજુ કરવાની રહેશે.

(૬) વિદ્યાર્થી જાતિ/આવકના દાખલા સક્ષમ અધિકારીશ્રીના રજુ કરે તે ધ્યાન રાખવાનુ રહેશે. (આવકના દાખાલાઓ મામલતદારશ્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રીના બિડવા)

(૭) કોલેજ માન્ય તથા કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શિષ્યવૃત્તિ હોસ્ટેલર દર મુજબ મળવા પાત્ર રહેશે.

(૮) કોલેજ માન્ય તથા કોલેજ સંલગ્ન છાત્રાલયમાં તથા સરકારી છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની ઓનલાઇન અરજી સાથે છાત્રાલયના સક્ષમ સત્તાધિકારીશ્રીના સહિ/સિક્કા વાળુ પ્રમાણપત્ર અપલોડ કરવાનુ રહેશે. ( જે પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાશે)

(૯) વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા. ગાંધીનગર સંચાલિત સરકારી કુમાર/કન્યા છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રહેવા અને/અથવા જમવાનીસગવડ મફત હોય તેઓને ૧/૩ (વનથર્ડ) ના દરે શિષ્યવૃતિ (નિભાવદર) આકારવામાં આવશે

(૧૦) પુરો સમય નોકરી કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને શિષ્યવૃતિ મળવાપાત્ર નથી જે ધ્યાને લેવાનુ રહેશે.

(૧૧) જે વિદ્યાર્થીના પિતા/વાલી સરકારી નોકરી કરતા હોય તેવા વિદ્યાર્થીના વાલીના આવકના દાખલાની સાથે આવક અંગેનુ ઇન્કમટેક્ષ માટેનુ ફોર્મ ૧૬ અપલોડ કરવાનુ રહેશે તથા દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

(૧૨) તમામ સંસ્થાઓએ વેબસાઇટ ઉપર, અખબારી યાદીમાં, ઇમેઇલથી કે SMSથી વિદ્યાર્થીઓને સૂચના આપી સત્વરે કાર્યવાહી કરવાની રહેશે.

(૧૩) સંસ્થાએ દરેક વિધાર્થીને સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ આપવાની રહેશે.

(૧૪) જો કોઇ વિદ્યાર્થીને બેંક એકાઉન્ટ ખોલાવાવમાં મુશ્કેલી પડે તો તે અંતર્ગત સંસ્થાએ જરૂરી મદદ કરી વિદ્યાર્થીઓનાખાતાખોલાવવાનીકાર્યવાહીકરવાનીરહેશે.

(૧૫) જો કોઇ વિદ્યાર્થીની શિષ્યવૃતિની રકમ કોઇ કારણોસર પરત કરવાની થાય તો નીચેના બજેટ હેડે ચલણથી જમા કરાવવાની રહેશે.
૨૫૦- અન્ય સામાજિક સેવાઓ

૧૦૧- અનુ.જાતિ, અનુ. જન જાતિ તથા અન્ય પછાતવર્ગો અને લઘુમતીઓનુ કલ્યાણ.
૮૦૦ અન્ય પ્રાપ્તિ, BCK- (જે યોજના હેઠળ શિષ્યવૃતિ મેળવેલ હોય તેનુ નામ લખવુ)

ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લઇ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતી-વિમુક્ત જાતિ, આર્થિક રીતે પછાત વર્ગઅને લઘુમતી જાતિના તમામ વિદ્યાર્થીના ફોર્મ ઓનલાઇન ભરાવી એકત્ર કરી દરખાસ્ત એકી સાથે જિલ્લા કચેરીમાં ચકાસણી અર્થે રજુ કરાવવાની રહેશે. પુરવણી દરખાસ્તો ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ. સમય મર્યાદામાં ન આવેલ તથા અધુરી વિગતોવાળી કે પુરવણી દરખાસ્તો અંગે સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

નોંધ:- ઉક્ત તમામ વિગતો માર્ગદર્શન પુરતી છે આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે તેમજ આચાર્યશ્રીઓને ખાસ વિનંતી કે શિ.વૃ. ની કામગીરી માટે તેઓના ક્લાર્કશ્રી ફાઇલલઇનેજિલ્લા ક્ચેરીએ આવે ત્યારે ક્લાર્કશ્રીસંપૂર્ણ દિવસ શિષ્યવૃતિ માટે ફાળવે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

# ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર વિકસતી જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ માટે ઓનલાઇન અરજી કરવા અંગેની અગત્યની માર્ગદર્શક સુચનાઓ

## (વર્ષ ૨૦૧૮-૧૯)

નિયામક,વિકસતી જાતિ કલ્યાણ

ગુજરાત રાજય

ગાંધીનગર

Scanned by CamScanner

# વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના અરજી પત્રકોOnline ભરવા અંગેની સુચનાઓ

## ઓનલાઇન ફોર્મ તમામ સૂચનાઓ વાંચ્યા પછી જ ભરવું.

## https://www.digitalgujarat.gov.in

## ( વિદ્યાર્થીએ અરજી કરવાની રીત )

➔ પ્રથમ વિદ્યાર્થીઓએ Digital Gujarat Portal વેબસાઇટ પર Citizen તરીકેનવું રજીસ્ટ્રેશનકરવાનુ રહેશે. નવુ રજીસ્ટ્રેશન આધાર નંબર, E-mail ID, મોબાઇલનં તેમજ પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશનમાં E-mail ID અને મોબાઇલનં રજીસ્ટ્રેશન વખતે ફરજીયાત હોવાથી વિદ્યાર્થીઓનું E-mail ID અને મોબાઇલનંબર હોવો ફરજીયાત છે. (સદરહું મોબાઇલ નંબર જ્યા સુધી શિષ્યવૃતિ/સહાય મળી ન જાય ત્યા સુધી ચાલુ હાલતમાં રાખવાનો રહેશે) રજીસ્ટ્રેશન થયા બાદ વિદ્યાર્થીએ પુનઃ Loginકરી પોતાની પ્રોફાઇલ (My Profile)Updateકરવાની રહેશે.

➔ જે વિદ્યાર્થીએ અગાઉ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રોફાઇલ રજીસ્ટ્રેશન કરાવેલ હોય(જેમ કે વર્ષ ૨૦૧૭-૧૮માં શિષ્યવૃતિ યોજના માટે ઓનલાઇન એપ્લાય કરેલ હોય, સમરસ છાત્રાલયમાં પ્રવેશ માટે Onlineઅરજી કરેલ હોય, ટેબલેટ માટે અરજી કરેલ હોય કે પોર્ટલની અન્ય શિષ્યવૃતિ યોજનાઓમાં લાભ લેવા અરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહી. તેઓસીધા અગાઉના Login ID-Password વડે જે તે લાગુ પડતી યોજનામાં સીધી અરજી કરી શકશે.

➔ ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન થયા બાદ તમામ વિદ્યાર્થીઓએ "Scholarship" Option પર ક્લીક કરીને જ ઓનલાઇન એપ્લાય કરવાની કામગીરી કરવાની રહેશે. અન્ય કોઇ જગ્યાએથી વિદ્યાર્થી શિષ્યવૃતિ યોજનામાં એપ્લાય થઇ શકશે નહિ જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.

➔ "Scholarship" Option પર ક્લિક કર્યા બાદ "Select Financial Year"મેનુમાં વર્ષ ૨૦૧૭-૧૮ સીલેક્ટ કર્યેથી જો વર્ષ ૨૦૧૭-૧૮માં કોઇ શિષ્યવૃતિની અરજી ઓનલાઇન કરેલ હશે તો તે અરજી જોઇ શકાશે અને ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ માટે ઓનલાઇન અરજી કરવા માટે "Select Financial Year" મેનુમાં વર્ષ ૨૦૧૮-૧૯ સીલેક્ટ કરવાનુ રહેશે.

➔ જે વિદ્યાર્થીઓએ ગત વર્ષ ૨૦૧૭-૧૮માં ઓનલાઇન અરજી કરેલ હતી અને નિયમોનુસાર શિષ્યવૃતિ મેળવેલ હતી તેવા વિદ્યાર્થીઓની ચાલુ વર્ષની રીન્યુઅલ અરજી ઓટોમેટ્રીક "Edit"મોડમાં મુકવામાં આવેલ છે એટલે કે તેવા વિદ્યાર્થીઓએ ફ્રેશ એપ્લાય કરવાનુ નથી "Edit" બટન પર ક્લિક કરી પોતાની તમામ વિગતો ચકાસી લેવાની રહેશે અને રીન્યુઅલ માટે જરૂરી એવી ગત વર્ષની માર્કશીટ, ચાલુ વર્ષની ફી ભર્યાની પહોંચ વિગેરે અપડેટ કરી અરજી સેન્ડ કરવાની રહેશે. જો આવકના દાખલાને ત્રણ વર્ષ પૂર્ણ થયેલ હોય કે આવકમાં કોઇ ફેરફાર થયેલ હોય તો તે પણ ફરી અપલોડ કરવાના રહેશે.

Scanned by CamScanner

➔ જે વિદ્યાર્થીઓને ગત વર્ષે શિષ્યવૃતિ મળેલ હતી અને તેનુ ફોર્મ ચાલુ વર્ષ: ૨૦૧૮-૧૯માં ઓટોમેટ્રીક "Edit" મોડમાં ન જોવા મળે તો તેવા વિદ્યાર્થીઓએ "Request a New Service"મેનુમાં જઇને લાગુ પડતી યોજનામાં ફેશ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.

➔ જે વિકસતી જાતિના વિદ્યાર્થીઓએ ફેશ અરજી કરવાની છે તેણે ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન કરી "Scholarship" Option માં જઇSelect Financial Year" મેનુમાં વર્ષ ૨૦૧૮-૧૯ સીલેક્ટ કરી Director Developing Caste Welfare હેડિંગના નીચે દર્શાવેલ યોજના પૈકી જે યોજનામાં પાત્રતા ધરાવતા હોય તેના પર ક્લીક કરી એપ્લાય કરવાનુ રહેશે. યોજના પંસદ કર્યા બાદ વિદ્યાર્થીએ માગ્યા મુજબની તમામ વિગતો જેવી કે **Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail** વિગેરે ચીવટ પૂર્વક ભરવાની રહેશે અને **Attachment**માં લાગુ પડતા તમામ ડોક્યુમેન્ટ **Upload** કરવાના રહેશે. તમામ વિગતો અને ડોક્યુમેન્ટ **Upload** અપલોડ થઇ ગયા બાદ વિદ્યાર્થીએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે અને પુરેપુરી અરજીપત્રક ભરાય ગયા બાદ ફાઇનલ કરી **Submit** કરવાનુ રહેશે જેથી અરજી વિદ્યાર્થીના સબંધિત શાળા/કોલેજના લોગીનમાં ઓનલાઇન જતી રહેશે. ઓનલાઇન અરજી થઇ ગયા બાદ વિદ્યાર્થીએ તેની પ્રિન્ટ કાઢી જરૂરી સાધનિક પુરાવા અરજી સાથે બિડાણ કરી શાળા/કોલેજને જમા કરાવવાના રહેશે.

## (વિદ્યાર્થીઓ માંટે અન્ય સૂચનાઓ)

➔ તમામ વિદ્યાર્થીઓએ આધારકાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) કરવું જરૂરી છે. આથી તમામ વિદ્યાર્થીઓ તેમના આધાર કાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) જો બાકી હોય તો તાત્કાલિક પોતાની બેન્કને વિગતો પુરી પાડી લીકીંગ (સીડીંગ) કરાવી દે તેવી વિનંતી કરવામાં આવે છે.

➔ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સબંધિત સત્તાધિકારીશ્રીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનુ રહેશે. જે એપ્લાય કરતી વખતે "**Instruction**"પેજ પરથી ડાઉનલોડ કરી શકાશે.

➔પોર્ટલ પર અરજી કરવા માટેની આખરી તા.૧૫/૧૧/૨૦૧૮ નિયત થયેલ છે.તે બાબત ધ્યાને લઇ તા.૧૫/૧૧/૨૦૧૮સુધીમાં તમામ વિદ્યાર્થીઓએ બિનચૂક ઉપરોકત પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરી લાગુ પડતી યોજનામાં Online અરજી કરવાની રહેશે.

➔ગુજરાતના મૂળવતની હોય તેવા વિકસતી જાતિના વિદ્યાર્થીઓગુજરાત રાજય બહાર (Out Stateમાં) માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તો તેઓએ પણ Online જ અરજી કરવાની રહેશે અને કરેલ અરજીફોર્મ સાથે અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટની નકલ તથા સંસ્થાની માન્યતા, તેના અભ્યાસક્રમની માન્યતાઅને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ સંસ્થાના ફોરવર્ડીંગ સાથે મૂળ વતનના જિલ્લાની કચેરીએ જમા કરાવવાની રહેશે.

Scanned by CamScanner

➔ વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરેલ હશે અને તેને ફાઇનલ સબમીટ કરવામાં નહિ આવેલ હોય કે એપ્લીકેશનની પ્રીન્ટ પોતાની સંસ્થામાં તમામ ડોક્યુમેન્ટ સહીત જમા કરાવેલ નહી હોય તો તેવા વિદ્યાર્થીની અરજી ધ્યાને લેવામાં નહિ આવે જે ધ્યાને લેવાનુ રહેશે.

➔ વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન રજીસ્ટ્રેશન કરતી વખતે પોતાના બેંક ખાતાનો નંબર અને જે બેંક ખાતા નંબરઆધાર નંબર સાથે લીંક કરેલ હોય તે એકાઉન્ટ નંબર જ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે નાખવાનો રહેશે બેંકની શાખાનો IFSકોડપણ ધ્યાન રાખીને નાખવાનો રહેશે. જે વિદ્યાર્થીનો બેંક એકાઉન્ટ નંબર/ આધાર નંબર સાથે લીંક ન થયેલ હોય તેને તેની બેંક શાખામાં જઇને આધાર સીડીંગ માટેનું ફોર્મ ભરીને સીડીંગ કરાવવાનું રહેશે. અને બેકનું ખાતુ ચાલુ રહે તથા બેંકના નિયમ મુજબ **KYC(KNOW YOUR CUSTMER)**ફોર્મ ભરેલ છે કે નહીં તેની ખાતરી કરવાની રહેશે.

➔ વિદ્યાર્થીએ પોતાના અભ્યાસક્રમની વિગત ખૂબ જ સાવધાની પૂર્વક પસંદ કરવાની રહેશે.જો વિદ્યાર્થી દ્વારા કોઇ ખોટી સંસ્થા અથવા ખોટો અભ્યાસક્રમ પસંદ કરવામાં આવશે તો તેની અરજી કોઇ અન્ય શાળા / કોલેજ / યુનિવર્સિટીને **OnlineSend** થઇ જશે. જો આવી કોઇ પરીસ્થિતિ ઉભી થશે તો તે અંગેની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

➔ વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન ફોર્મ ભરતી વખતે જો તેના પોતાના અભ્યાસક્રમની વિગત મેનુમા ન મળે તો તે અંગેની જાણ તેની સંસ્થાને કરવાની રહેશે. અને ત્યારબાંદ જો સંસ્થા તે અભ્યાસક્રમ પોતાના લોગીનમાં જઇ અપડેટ કરશે તો વિદ્યાર્થી તે અભ્યાસક્રમ સીલેક્ટ કરી શક્શે.

➔ વિદ્યાર્થી દ્વારા કોઇપણ પ્રકારની માહિતી ખોટી ભરવામાં/ પસંદ કરવામાં આવશે અથવા કોઇ માહિતી છુપાવવામાં આવશે તો તેને કોઇપણ રીતે ફરીથી સ્કોલરશીપનુ ફોર્મ ભરવા દેવામાં નહી. જો વિદ્યાર્થી ખોટી રીતે માહિતી છુપાવી શિષ્યવૃતિ મેળવવાનો પ્રયાસ કરશે તો તેને શિષ્યવૃતિ માટે બ્લેકલીસ્ટ કરી દેવામાં આવશે. વિદ્યાર્થીઓને વિનંતી છે કે ફરીથી ડુપ્લીકેટ એપ્લીકેશન ભરવાનો પ્રયત્ન ન કરે.

➔ વિદ્યાર્થીએ ઓનલાઇન એપ્લીકેશન ભરવાની છેલ્લી તારીખ સુધીની રાહ ન જોવી સંસ્થાના માર્ગદર્શન હેઠળ બને તેટલુ જલદી ફોર્મ ભરી દેવા વિનંતી છે.

➔ વિદ્યાર્થીએ સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે. જે વિદ્યાર્થીઓ રીન્યુઅલ છે તે વિદ્યાર્થીઓની શરૂઆતની તારીખ અગાનુ સત્ર પુરૂ થયુ હતુ ત્યારના તુર્ત જ બાદના મહિનાની નાખવાની રહેશે. અને ફ્રેશ વિદ્યાર્થીઓના કિસ્સામાં વિદ્યાર્થીએ જ્યારથી એડમિશન લીધેલ હોય તે જ તારીખ નાખવાની રહેશે.

➔ વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર પ્રમાણિત માર્કશીટ અપલોડ કરવાની રહેશે તથા સંસ્થાને જમા કરવાના રહેશે.

Scanned by CamScanner

→ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇ સરકારી / અર્ધસરકારી નોકરી કરેલ નથી કે કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ રૂ.૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંધનામુ કરી અપલોડ કરવાનુ રહેશે અને અરજી સાથે સંસ્થાને રજુ કરવાનુ રહેશે

→ વિદ્યાર્થી અરજી ઓનલાઇન ફાઇનલ સબમીટ કરશે ત્યારબાદ કોઇ સુધારા વધારા કરી શકશે નહિવિદ્યાર્થીઓએ જો કોઇ સુધારો/વધારો કરવાની જરૂરીયાત ઉભી થાય તો પોતાની સંસ્થાને અરજી પરત કરવાનુ કહેવાનુ રહેશે.

→વિદ્યાર્થીએ ડીઝીટલ ગુજરાત પોર્ટલના પ્રશ્ને જરૂર જણાયે હેલ્પ ડેસ્ક નં **18002335500** પર સંપર્ક કરવાનો રહેશે.

Scanned by CamScanner

( વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતા પહેલા નીચે મુજબની વિગતો પોતાની સાથે ફરજીયાત રાખીને બેસવુંતથા નીચે મુજબના તમામ ડોક્યુમેન્ટ સ્કેન કરીને રાખવા)

- વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે ખાસ ધ્યાનમાં રાખવાનુ છે કે તેનુ પોતાનુ ઇ-મેઇલએડ્રેસ હોવું જરૂરી છેજો તે ન હોય તો તેને તાત્કાલિક ઇ-મેઇલ આઇ.ડી બનાવવાનું રહેશે.
- ઓનલાઇન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીના મોબાઇલ નંબર પર OTP (ONE TIME PASSWORD) આવશે. તેમજ ભવિષ્યમાં જરૂરી મેસેજ તથા સુચનાઓ આવશે જેથી પોતાનો મોબાઇલ સાથે રાખવાનો રહેશે.
- વિદ્યાર્થીના સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા જાતિના દાખલાની સ્વ પ્રમાણિતનકલ.
- સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા આવકના દાખલાની સ્વ પ્રમાણિત નકલ (પરણિત સ્ત્રીના કિસ્સામાં (પતિનાં), જો પિતા હયાત ન હોય તો અથવા માતા પિતાએ છૂટાછેડા લીધા હોય તેવા કિસ્સામાંપિતાનાં મૃત્યુનું પ્રમાણપત્ર અથવા છુટાછેડાનો આદેશ રજૂ કરેથી માતાનાં આવકનો દાખલો માન્ય રહેશે. (આવકનો દાખલો સરકારશ્રીના નિયમ મુજબ ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે).)
- વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર પ્રમાણિત માર્કશીટની નકલ
- બેંકપાસબુકની પ્રથમ પાની નકલ જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય /જો પાસબુક ન હોય તો Cancel ચેક અપલોડ કરવો જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય
- આધારકાર્ડની નકલ
- ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇ સરકારી / અર્ધસરકારી નોકરી કરેલ નથી કે કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ રૂ.૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંધનામુ
- જે વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતા હોય તેઓએ હોસ્ટેલર તરીકેનું સર્ટીફીકેટ (જેનો નમુનો પોર્ટલ ઉપર ઉપલબ્ધ છેજે ડાઉનલોડ કરી સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિક્કા કરાવવાનાં રહેશે)
- હાલના અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવેલ તારીખ તથા શૈક્ષણિક વર્ષ પૂર્ણ થવાની અંદાજીત તારીખ (જે સંસ્થા પાસેથી મળી રહેશે)
- વિદ્યાર્થીએ ભરેલ ફીની પહોંચ (વાર્ષિક)
- પાસપોર્ટ સાઇઝનો ફોટો
- જો વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર
- વિદ્યાર્થીના પરિણિત કિસ્સામાં લગ્ન પ્રમાણપત્ર

Scanned by CamScanner

( વિદ્યાર્થીએ ફાઇનલ પ્રિન્ટ આઉટ નીકાળ્યા બાદ તેઓએ અરજીમાં સહી કરીને નીચે મુજબના ડોક્યુમેન્ટ સાથે જે તે શાળા/કોલેજ/સંસ્થામાં જમા કરાવવાના રહેશે )

- ➔ વિદ્યાર્થીના સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા જાતિના દાખલાની સ્વ પ્રમાણિતનકલ રજૂ કરવી.

- ➔ સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા આવકના દાખલાની સ્વ પ્રમાણિત નકલ રજુ કરવી. (પરણિત સ્ત્રીના કિસ્સામાં (પતિનાં), જો પિતા હયાત ન હોય તો અથવા માતા પિતાએ છુટાછેડા લીધા હોય તેવા કિસ્સામાંપિતાનાં મૃત્યુનું પ્રમાણપત્ર અથવા છુટાછેડાનો આદેશ રજુ કરેથી માતાનાં આવકનો દાખલો માન્ય રહેશે. (આવકનો દાખલો ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે) )

- ➔ વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર પ્રમાણિત માર્કશીટની નકલ રજુ કરવી

- ➔ બેંકપાસબુકની પ્રથમ પાની નકલ જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય /જો પાસબુક ન હોય તો Cancel ચેક જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય તે રજુ કરવો.

- ➔ આધારકાર્ડની નકલ રજુ કરવી.

- ➔ ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇ સરકારી / અર્ધસરકારી નોકરી કરેલ નથી કે કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ રૂ.૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંધનામુ રજુ કરવુ.

- ➔ જે વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતા હોય તેઓએ હોસ્ટેલર તરીકેનું પ્રમાણપત્ર રજુ કરવુ.(જેનો નમુનો પોર્ટલ ઉપર ઉપલબ્ધ છેજે ડાઉનલોડ કરી સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિક્કા કરાવવાનાં રહેશે)

- ➔ વિદ્યાર્થીએ ભરેલ ફીની પહોંચ રજુ કરવી.

- ➔ જો વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવુ.

- ➔ વિદ્યાર્થીની(કન્યા)ના પરિણિત કિસ્સામાં લગ્ન પ્રમાણપત્ર રજુ કરવુ.

Scanned by CamScanner

અત્રેથી જિલ્લા કર્મચારીશ્રીઓને જે માસ્ટર તાલીમ આપવામાં આવે તે તાલીમ આપ્યા બાદ જિલ્લા કક્ષાએ જરૂર જણાય વિકસતી જાતિ અનુસૂચિતજાતિ / અનુસૂચિત જન જાતિ ત્રણેય જિલ્લા કચેરીઓએ સંયુક્ત રીતે તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ / કોલેજો / યુનિવર્સીટીઓને પોર્ટલ બાબતની તાલીમ આપવાની રહેશે અને કામગીરી ઝુંબેશ રૂપે પુરી કરવાની રહેશે. પોસ્ટ મેટ્રીકમાં ગત વર્ષે બીસીકે-૮૨ ઉચ્ચત્તર માધ્યમિક શિષ્યવૃત્તિ (સા.શૈ.પ.વ.. આ.પ.વ. લઘુમતી) ના વિદ્યાર્થીઓની યોજના વર્ષ ૨૦૧૮-૧૯માં ડિજિટલ ગુજરાત પોર્ટલમાં ચાલુ વર્ષે ઇન એક્ટીવ કરી ધોરણ-૧૧-૧૨ના આ વિદ્યાર્થીઓને તેને લગતી અન્ય જે તે જાતિની પોસ્ટ મેટ્રીક યોજનાના ગ્રુપમાં ધોરણ-૧૧-૧૨ તરીકે ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેની જાણ સબંધિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને કરવાની રહેશે.

વધુમાં વિદ્યાર્થીઓને ઓનલાઇન અરજી કરવામાં અને જે તે કેટેગરીના એટલે કે જાતિના જે તે કોર્ષ માટે લાગુ પડતી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાની પસંદગી કરવામાં સરળતા રહે તે માટે વિદ્યાર્થીઓ માટે ફોર્મ ભરવા અંગેની માર્ગદર્શિકા બનાવવામાં આવેલ છે જે તમામ શાળા / કોલેજોને મોકલી આપવાની રહેશે. (માર્ગદર્શિકા આ સાથે સામેલ છે.)

ઉક્ત તમામ વિગતો ધ્યાને લઇ તમામ જિલ્લા અધિકારીશ્રીઓને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ અંગેની ઓનલાઇન કામગીરી બાબતે અંગતરસ લઇ કામગીરી કરવા જણાવવામાં આવે છે. ઉક્ત યોજનાઓને સફળ બનાવવા જિલ્લા કક્ષાએ તમામ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકલન કરી આ સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓની આવેલ ઓનાલાઇન અરજીઓ સમય મર્યાદામાં તા.૩૦-૧૧-૨૦૧૮ સુધીમાં હાર્ડ કોપીની ચકાસણી કરી ડિજિટલ ગુજરાત પોર્ટલના લોગીનમાંથી જિલ્લા કક્ષાએ ફોરવર્ડ થાય અને એકંદર પત્રક સહિતની દરખાસ્ત મળ્યેથી જિલ્લા કક્ષાએ કામગીરી સંભાળતા કર્મચારી દ્વારા મંજૂર અને બિલો બનાવવાની કામગીરી અસરકારક રીતે થાય તે ખાસ ધ્યાને લેવાનું રહેશે. તેમજ બી.સી.કે.૩૨૫ સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં અભ્યાસ કરતાં વિચરતી-વિમુકત જાતિના વિદ્યાર્થીઓને આ યોજનાનું પૂરૂ માર્ગદર્શન મળી રહે અને આ જાતિના વિદ્યાર્થીઓ આ જ યોજનામાં અરજી કરે તે માટે આપના જિલ્લામાં આવેલ સેલ્ફ ફાઇનાન્સ કોલેજોને ખાસ સૂચના આપવા વિનંતી છે. તેમજ આ યોજના હેઠળ રૂા.૫૦,૦૦૦/- સુધીનું અથવા ખરેખર કોલેજની શૈક્ષણિક ફી બે પૈકી ઓછી રકમ મંજૂર કરવા પાત્ર હોય આવી સેલ્ફ ફાઇનાન્સ સંસ્થાઓને આ યોજનાઓ માટે વિદ્યાર્થીની ઓનલાઇન અરજીની હાર્ડ કોપી તેને લગતા સાધનિક કાગળો અને એકંદર પત્રક સહિતની ફાઇલ મેળવી મંજૂરીની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

બિડાણ: ઉપર મુજબ

સહી /-
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય ગાંધીનગર

નકલ સવિનય રવાના:
અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરતરફ જાણ થવા વિનંતી સહ

રવાના કર્યુ:
સંયુક્ત નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય ગાંધીનગર

Scanned by CamScanner

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

## નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (S.E.B.C.), વિચરતી-વિમુક્ત જાતિ (N.T.D.N.T.) આર્થિક રીતે પછાત વર્ગ (E.B.C.), અને લઘુમતી (MINORITY) ની શૈક્ષણિક યોજનાઓની વિગત**

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કુમાર કન્યા | ધોરણ | નિભાવભથ્થાના દર | | વાર્ષિકઆવક મર્યાદા | | શૈક્ષણિક સંસ્થાઓની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હોસ્ટેલર (માસિક) | ડેસ્કોલર(માસિક) | ગ્રામ્ય વિસ્તાર | શહેરીવિસ્તાર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | બીસીકે-૭૮<br>કન્યાઓ માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | સા.શૈ.પ.વ. | ફકત કન્યા માટે | ગ્રૂપ-એ | ૨૮૦/- | ૧૨૫/- | કન્યાઓ માટે કોઇ વાર્ષિક આવક મર્યાદાઓ નથી. | | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>સ્વનિર્ભર કોલેજો<br>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૂપ-બી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રૂપ-સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રૂપ-ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ગ્રૂપ-ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |
| ૨ | બીસીકે-૧૩૭<br>કન્યાઓ માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | વિચરતી વિમુક્ત | ફકત કન્યા માટે | ગ્રૂપ-એ | ૨૮૦/- | ૧૨૫/- | કન્યાઓ માટે કોઇ વાર્ષિક આવક મર્યાદાઓ નથી. | | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>સ્વનિર્ભર કોલેજો<br>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૂપ-બી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રૂપ-સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રૂપ-ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ગ્રૂપ-ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |
| 3 | બીસીકે-૮૧<br>કુમાર માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | સા.શૈ.પ.વ. | ફકત કુમાર માટે | ગ્રૂપ-એ | ૨૮૦/- | ૧૨૫/- | ગ્રામ્યવિસ્તાર | શહેરીવિસ્તાર | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>કોલેજો<br>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૂપ-બી | ૧૯૦/- | ૧૨૫/- | રૂા.૧,૨૦,૦૦૦/- | રૂા.૧,૫૦,૦૦૦/- | |
| | | | | ગ્રૂપ-સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રૂપ-ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ગ્રૂપ-ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |
| ૪ | બીસીકે-૧૩૮<br>કુમાર માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | વિચરતી વિમુક્ત | ફકત કુમાર માટે | ગ્રૂપ-એ | ૨૮૦/- | ૧૨૫/- | ગ્રામ્યવિસ્તાર | શહેરીવિસ્તાર | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>કોલેજો<br>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૂપ-બી | ૧૯૦/- | ૧૨૫/- | રૂા.૧,૨૦,૦૦૦/- | રૂા.૧,૫૦,૦૦૦/- | |
| | | | | ગ્રૂપ-સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રૂપ-ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ગ્રૂપ-ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |
| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કુમાર કન્યા | ધોરણ | નિભાવભથ્થાના દર | | વાર્ષિકઆવક મર્યાદા | | |

| | | | | | હોસ્ટેલર(માસિક) | ડેસ્કોલર(માસિક) | ગ્રામ્ય વિસ્તાર | શહેરીવિસ્તાર | શૈક્ષણિક સંસ્થાઓની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૫ | બીસીકે-૮૦<br>મેડીકલ, એન્જીનીયરીંગ, ડીપ્લોમાના વિદ્યાર્થીઓને સાધન સહાય | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | મેડીકલ | વાર્ષિક રૂ.૧૦,૦૦૦/- | | રૂ.૨,૫૦,૦૦૦/- | | સરકારી,ગ્રાન્ટ ઇન એઇડ સ્વનિર્ભર કોલેજો |
| | | | | એન્જીનીયરીંગ | વાર્ષિક રૂ.૫,૦૦૦/- | | | | સાધન ખરીદી કરીને બિલ રજુ કરવાનું રહેશે. |
| | | | | ડીપ્લોમા | વાર્ષિક રૂ.૩,૦૦૦/- | | | | |
| ૬ | બીસીકે-૭૯<br>મેડીકલ, એન્જીનીયરીંગ, વિદ્યાર્થીઓને ભોજન બિલ સહાય | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | મેડીકલ<br>એન્જીનીયરીંગ | વાર્ષિક રૂ.૧૨,૦૦૦/- | | રૂ.૨,૫૦,૦૦૦/- | | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>સ્વનિર્ભર કોલેજો |
| ૭<br>૮<br>૯ | બીસીકે-૮૩<br>તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના | સા.શૈ.પ.વ.<br>આ.પ.વ.<br>લઘુમતી | કુમાર કન્યા | સરકારી આઇ.ટી.આઇ. માસિક રૂ.૪૦૦/- | વાર્ષિક રૂ.૪,૮૦૦/-<br>વાર્ષિક રૂ.૧,૨૫૦/- | | ગ્રામ્યવિસ્તાર<br>રૂ.૧,૨૦,૦૦૦/- | શહેરીવિસ્તાર<br>રૂ.૧,૫૦,૦૦૦/- | સરકારી આઇ.ટી.આઇ. અને પોલીટેકનીક કોલેજો, ટેકનિકલ અભ્યાસક્રમોની કોલેજો |
| ૧૦ | બીસીકે-૧૩૯<br>તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના | વિચરતી વિમુક્ત | કુમાર કન્યા | સરકારી આઇ.ટી.આઇ. માસિક રૂ.૪૦૦/- | વાર્ષિક રૂ.૪,૮૦૦/-<br>વાર્ષિક રૂ.૧,૨૫૦/- | | રૂ.૧,૨૦,૦૦૦/- | રૂ.૧,૫૦,૦૦૦/- | સરકારી આઇ.ટી.આઇ. અને પોલીટેકનીક કોલેજો, ટેકનિકલ અભ્યાસક્રમોની કોલેજો |

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કુમાર કન્યા | ધોરણ | નિભાવભથ્થાના દર | | વાર્ષિકઆવક મર્યાદા | | શૈક્ષણિક સંસ્થાઓની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હોસ્ટેલર(માસિક) | ડેસ્કોલર(માસિક) | ગ્રામ્ય વિસ્તાર | શહેરીવિસ્તાર | |
| ૧૧ | બીસીકે-૯૮<br>એમ.ફીલ, પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓ માટેની ફેલોશીપ યોજના | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | અનુસ્નાતક પછીના કોઇ પણ અભ્યાસક્રમ માટે | એમ.ફીલ માટે વાર્ષિક રૂા.૨૫,૦૦૦/-<br>અને<br>પી.એચ.ડી. માટે વાર્ષિક રૂા.૩૦,૦૦૦/- | | રૂા.૧,૨૦,૦૦૦/- | રૂા.૧,૫૦,૦૦૦/- | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>સ્વનિર્ભર કોલેજો/ યુનિવર્સીટી |
| ૧૨ | બીસીકે-૮૧ સી<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર અને ઇન્દિરા ગાંધી ઓપન યુનિવર્સીટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃતતિ | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | ઓપન યુનિવર્સીટીના અભ્યાસક્રમો | ઓપન યુનિવર્સીટીની શિક્ષણ ફી વધુમાં વધુ રૂા.૨,૫૦૦/- | | રૂા.૧,૨૦,૦૦૦/- | રૂા.૧,૫૦,૦૦૦/- | ઓપન યુનિવર્સીટી |
| ૧૩ | બીસીકે-૩૨૫<br>સ્વનિર્ભર કોલેજમાં અભ્યાસ કરતાં વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સહાય | વિચરતી વિમુક્ત | કુમાર કન્યા | સ્વનિર્ભર કોલેજના તમામ અભ્યાસક્રમો | વધુમાં વધુ રૂા.૫૦,૦૦૦/- સુધીની શૈક્ષણિક સહાય | | રૂા.૨,૦૦,૦૦૦/- | | ફકત સ્વનિર્ભર કોલેજ |
| ૧૪ | બીસીકે- ૮૧ એ<br>ભારત સરકારની OBCના વિદ્યાર્થીઓ માટેનીપોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ. | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | ગ્રૂપ-એ | ૭૫૦/- | ૩૫૦/- | રૂા.,૧૦૦,૦૦૦/- | | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>કોલેજો, સ્વનિર્ભર કોલેજો,<br>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૂપ-બી | ૫૧૦/- | ૩૩૫/- | | | |
| | | | | ગ્રૂપ-સી | ૪૦૦/- | ૨૧૦/- | | | |
| | | | | ગ્રૂપ-ડી | ૨૬૦/- | ૧૬૦/- | | | |
| ૧૫ | ડૉ. આંબેડકરપોસ્ટમેટ્રીકઆર્થિકરીતેપ છાતવર્ગનાવિદ્યાર્થીઓ | આ.પ.વ. | કુમાર કન્યા | ગ્રૂપ-એ | ૭૫૦/- | ૩૫૦/- | રૂા.,૧૦૦,૦૦૦/- | | ફકત સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>કોલેજો<br>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૂપ-બી | ૫૧૦/- | ૩૩૫/- | | | |
| | | | | ગ્રૂપ-સી | ૪૦૦/- | ૨૧૦/- | | | |
| | | | | ગ્રૂપ-ડી | ૨૬૦/- | ૧૬૦/- | | | |